eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 349
January 24, 2014

## "૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–



સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧મી નાટ્યસ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો તા.૧૯/૦૧/૨૦૧૪ થી તા.૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સરદાર પટેલ સ્મૃતિ ભવન, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન સામે, વરાછા રોડ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબની સુચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરો તથા આસી./જુની.ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી તેમજ ચોકબજાર પોલીસ સ્ટેશનનો પોલીસ બંદોબસ્ત મેળવી કરેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ફીનલેન્ડનાં પ્રતિનિધિઓએ ગુજરાતનાં પ્રવાસનું આયોજન બાબતઃ–



ગુજરાત સરકાર અને ઈવાક આર.વાય ફીનલેન્ડ (EVAK Ry. Finland) વચ્ચે થયેલ મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગનાં ભાગરૂપે તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન ફીનલેન્ડનાં પ્રતિનિધિઓએ ગુજરાતનાં પ્રવાસનું આયોજન કર્યુ હતુ. જેનો મુખ્ય આશય વેસ્ટ મેનેજમેન્ટ અને બાયોએનર્જી સેકટરમાં કામ કરવા અંગેનો હતો. આ ઉપરાંત તેમણે આ સેકટરમાં ગુજરાતમાં ઈનવેસ્ટમેન્ટ કરવા પણ રસ દાખવ્યો છે. તેઓ મ્યુનીસીપલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોનમાં નીચે જણાવેલ સ્થળે ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ :–

(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૮–ડી તથા ૧૨ માં આવેલ ભકિતનંદન સોસાયટી સેકટર–૪માં મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સબ પ્લોટ નં.૧૦૦ થી ૧૦૪ ના મિલકતદારોએ રહેઠાણના બદલે દુકાનો બનાવવાના ઈરાદે બાંધકામ કરતા આજરોજ ૭ (સાત) શટર તથા ચણતરની દિવાલોનું આશરે ૭૫૦.૦૦ ચો.ફુટનું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળની કામગીરી બાબત :–

ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૧,નોંધ નં. ૩૭૩,૩૭૪/અ સાળાવાળાની પોળ, નાણાવટ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી ઈરફાન અહમદ મહમંદ મનસુર ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાનાં પાંચમાં માળનું આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મ જયંતિ નિમિતે પુષ્પાંજલીના કાર્યક્રમ બાબત :–



સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મ જયંતિ નિમિતે તા.૨૩/૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે પુષ્પાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષ નેતાશ્રી રમેશ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સ્વામી વિવેકાનંદ૧૩મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૪",૧૧મોરાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફ્લાવર શો " સુમન–૨૦૧૪" તથા ૪ થો શિલ્પગ્રામ મેળો " શિલ્પગ્રામ–૨૦૧૪" બાબત :–



સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સ્વામી વિવેકાનંદ ૧૩મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૪", ૧૧મો રાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફ્લાવર શો " સુમન–૨૦૧૪" તથા ૪ થો શિલ્પગ્રામ મેળો " શિલ્પગ્રામ–૨૦૧૪ " નું ઉદ્દ્ઘાટન આજરોજ સવારે ૧૧:૦૦ કલાકે ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ સાહિત્યકાર, નવલકથાકાર, નાટ્યકાર અને વાર્તાકાર માનનીય વર્ષાબેન અડાલજાના વરદ્દહસ્તે ઉદ્દ્ઘાટનવિધિ સંપન્ન કરવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ખેલ મહાકુંભ – ૨૦૧૩ના શહેર કક્ષાના વિજેતાઓને ચેક વિતરણ" :–

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ–૨૦૧૩" અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ઝોન કક્ષા અને શહેર કક્ષાની સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જે સ્પર્ધાના તમામ રમતના પ્રથમ ત્રણ વિજેતા પૈકી રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ કેળવેલ વિજેતાઓનો સન્માન સમારોહ સુરત જીલ્લા રમતગમત વિભાગ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો" :–






સુરત મહાનગરપાલિકા ૪૧ વર્ષથી નાટ્યસ્પર્ધાનું આયોજન કરતી આવી છે. છેલ્લે ૪૧મી નાટ્યસ્પર્ધા ગાંધી સ્મૃતિ ભવન ખાતે યોજવામાં આવી હતી. સુરતની નાટ્ય સંસ્થાઓ અને નાટ્યરસિક નગરજનોની લોકલાગણીને માન આપી ૪૧મી નાટ્ય સ્પર્ધામાં વિજેતા થયેલ પ્રથમ ચાર નાટકોનો વિનર શો તા.૧૯/૦૧/૨૦૧૪ થી તા.૨૨/૦૧/૨૦૧૪ દરમ્યાન દરરોજ રાત્રે ૯.૦૦ કલાકથી સરદાર પટેલ સ્મૃતિ ભવન, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન સામે, વરાછા રોડ, સુરત ખાતે યોજવામાં આવેલ છે. જેનો શુભારંભ સમારોહ તા.૧૯/૦૧/૨૦૧૪ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે મા.સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડિય, ડે.કમિશનરશ્રી સી.વાય.ભટ્ટ અને અન્ય ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે દીપપ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે એચ.કે. આર્ટસ સંસ્થાનું શ્રી કપિલદેવ શુકલ દિગ્દર્શીત નાટક "વૈશાખી કોયલ" રજુ થયું હતું. જેને શહેરના નાટ્ય રસિક નગરજનોએ મોટી સંખ્યામાં હાજર રહી નાટક માંણ્યો હતો. હવે પછી નીચે મુજબના નાટકો દરરોજ રાત્રે ૯.૦૦ કલાકે સરદાર પટેલ સ્મૃતિ ભવન, વરાછા રોડ, સુરત ખાતે રજુ થશે. નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી. આ વિનર શો વિનામૂલ્યે અને પ્રવેશ તથા બેઠક વ્યવસ્થા વહેલા તે પહેલાના ધોરણે રાખવામાં આવેલ હોય, સરદાર પટેલ સ્મૃતિ ભવનના તખ્તે રજુ થનાર આ વિજેતા નાટકોને માંણવા નિમંત્રિતોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**:: ૪૧મી નાટ્ય સ્પર્ધાનો વિનર શો કાર્યક્રમ ::**

| ક્રમ | તારીખ/વાર | વિજેતા ક્રમ | નાટકનું નામ | સંસ્થાનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦.૦૧.૨૦૧૪ સોમવાર | તૃતીય વિજેતા | છેલ્લી તરસ ગંગાજળ માંગે | ફોરમ આર્ટ | વૈભવ દેસાઈ |
| ૨ | ૨૧.૦૧.૨૦૧૪ મંગળવાર | ચર્તુથ વિજેતા | તોખાર | સીલ્યુએટ થીએટર્સ | દેવાંગ જાગીરદાર |
| ૩ | ૨૨.૦૧.૨૦૧૪ બુધવાર | પ્રથમ વિજેતા | ખેલંદો | કે.ડી.એન્ટરટેઈનર | તથાગત શુકલ |

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૧/૨૦૧૪ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) સાહેબની સુચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરો તથા આસી./જુની.ઈજનેરો શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી તેમજ ચોકબજાર પોલીસ સ્ટેશનનો પોલીસ બંદોબસ્ત મેળવી કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૩ (કતારગામ) માં ફા.પ્લોટ નં.૪૩૨ પૈકીમાં આવેલ સબ પ્લોટ નં.૯ થી ૧૫ વાળી જમીનમાં મંજુરી વિના શરૂ કરેલ બાંધકામ અત્રેથી વારંવાર બંધ કરાવવામાં આવેલ તેમજ અગાઉ ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદારે સતત બાંધકામ ચાલુ રાખી વેડ રોડ તરફે આશરે ૪૦ × ૨૧.૫૦ મી. માપ વિસ્તારમાં ગ્રા.ફલોર પર ૧૫ (પંદર) દુકાનો બનાવવાના હેતુથી કોર્મશીયલ બાંધકામ કરેલ. સદરહુ મિલ્કતમાં ગ્રા.ફલોર પર ૧૫ (પંદર) જેટલી દુકાનોમાં આર.સી.સી.બીમ, કોલમ, ચણતર તથા સ્લેબ સહિતનું ૩૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બાંધકામ દુર કરી મિલ્કતદાર પાસેથી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં નીચે જણાવેલ સ્થળોએ ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ :–

સરથાણા વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૧ (સરથાણા–સીમાડા), ફા.પ્લોટ નં.૪૬માં શ્યામવીલા સોસાયટી આવેલ આ સોસાયટીના બાંધકામના પ્લાન સુડા દ્વારા મંજુર કરવામાં આવેલ હતા. મંજુર પ્લાન વિરૂધ્ધ રીઅર માર્જીનની જગ્યામાં તથા લાગુ હાઈડ્રોલીક ખાતાના રીઝર્વેશન પ્લોટ સહિતમાં ગાળા નં.૪ તથા ૯ ના મિલકતદારોએ આર.સી.સી. સ્લેબ, ચણતરની દિવાલો તથા આર.સી.સી. કોલમ લેવાનું બાંધકામ શરૂ કરેલ જે અન્વયે કુલ ૨૫૦.૦૦ ચો.ફુટ જેટલુ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે તથા ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫૦૦૦/– મિલકતદાર પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

TOP

## "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" :–

આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે સુતરાંજલી/પુષ્પાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પૂર્વ (વરાછા) ઝોનમાં નીચે જણાવેલ સ્થળે ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ :–

ટી.પી.સ્કીમ નં.૧૬ (કાપોદ્રા)ના ફા.પ્લોટ નં.૮ પૈકીમાં આવેલ જી.જી. એક્ષપોર્ટના નામે ઓળખાતી હયાત મિલકતની પશ્ચિમે માર્જીનવાળા ભાગમાં ભોંયતળિયા + બે માળના કરેલ પરવાનગી વગરના બાંધકામ પૈકી આશરે ૨૫૦.૦૦ ચો.ફુટની ચણતરની દિવાલો તથા આશરે ૧૦૦.૦૦ ચો.ફુટનો આર.સી.સી. સ્લેબ તેમજ ત્રીજા માળના આર.સી.સી. કોલમો અત્રેની પૂર્વ (વરાછા) ઝોન કચેરી દ્વારા તોડીને દુર કરવામાં આવેલ તેમજ મિલકતદારો તરફેથી ડિમોલીશન ચાર્જના રૂા.૨૫૦૦૦/– વસુલ લીધેલ છે.

સદર કામગીરી અત્રેની પૂર્વ (વરાછા) ઝોન કચેરીના ઝોનલચીફશ્રીની સૂચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના શહેરી વિકાસ તથા દબાણ વિભાગ દ્વારા કરવામાં આવેલ.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી બાબત :–

(૧) ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સેન્ટ્રલ ઝોન)ની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૧, નોંધ નં. ૧૮૦૦ પૈકી કોલીવાડ, તાકપુરા, નાનપુરા વાળી મિલ્કતમાં હયાત ભોંયતળીયા વત્તા એક માળ વાળી મિલ્કતની ઉપર હિત ધરાવનારાઓ શ્રી સૈયદ સરફરાઝ સૈયદ હફીઝ કાદરી તથા બીજાઓ ધ્વારા બીજો માળ બનાવવાના ઈરાદાથી બાંધકામ કરેલ હોવાનું જાણતા, અત્રેથી તા.૧૧/૧૦/૧૩ થી હિત ધરાવનારને કા.દ. નોટીસ તથા મનાઈ હુકમ પાઠવવામાં આવેલ તથા તા.૦૪/૧૨/૧૩ થી તાકીદનો પત્ર પાઠવવામાં આવેલ, જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં આજ રોજ બીજા માળનું આશરે ૭૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ સેન્ટ્રીગ શટરીગ તથા આર.સી.સી.સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. વધુમાં દંડકીય વહીવટી ચાર્જ પેટે રૂા. ૬,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) સુરત મહાનગરપાલિકા સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્ર વિસ્તારમાં વોર્ડ નં.૧૧, નોંધ નં. ૧૨૦૨ વાળી મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામમાં જનરલ ડેવલોપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન્સ ની જોગવાઈ ૯.૩.૨(સી)ની જોગવાઈ મુજબ મંજુર પ્લાન મુજબ બાંધકામ કરવા/કરાવવાની તેમજ જરૂરી સલામતીની તકેદારી રાખવાની જવાબદારી પ્લાન મંજૂર કરાવનારા સંબધિત આર્કિ./એન્જી.શ્રી અરવિંદ ફકીરચંદ કોન્ટ્રાકટરની ફરજમાં આવે છે. સદર કિસ્સાઓમાં તેઓ તરફથી પ્લાન મંજુર કરાવી સુપરવીઝન સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલ હોવા છતાં, તેઓ તરફથી મજકુર બાંધકામોની સુરત મહાનગરપાલિકાને તબકકાવાર જાણ કરવામાં આવેલ નથી તેમજ મંજુર પ્લાન વિરુધ્ધ વધારાના બાંધકામ માટે કોઈ લેખિત જાણ કરવામાં આવેલ નથી. આમ તેઓ રજીસ્ટર્ડ આર્કિ./એન્જિ. તરીકેની ફરજ અદા કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું જણાતા તેઓનું લાયસન્સ નં. ટીડીઓ/ઈ.આર./૬૬ તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવામાં આવેલ છે.

TOP

## ફીનલેન્ડનાં પ્રતિનિધિઓએ ગુજરાતનાં પ્રવાસનું આયોજન બાબતઃ–



ગુજરાત સરકાર અને ઈવાક આર.વાય ફીનલેન્ડ (EVAK Ry. Finland) વચ્ચે થયેલ મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગનાં ભાગરૂપે તા. ૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૧૪ દરમ્યાન ફીનલેન્ડનાં પ્રતિનિધિઓએ ગુજરાતનાં પ્રવાસનું આયોજન કર્યુ હતુ. જેનો મુખ્ય આશય વેસ્ટ મેનેજમેન્ટ અને બાયોએનર્જી સેકટરમાં કામ કરવા અંગેનો હતો. આ ઉપરાંત તેમણે આ સેકટરમાં ગુજરાતમાં ઈનવેસ્ટમેન્ટ કરવા પણ રસ દાખવ્યો છે. તેઓ મ્યુનીસીપલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ટેકનોલોજીમાં એક્ષપર્ટીઝ ધરાવે છે અને તે માટે ગુજરાતનાં વિવિધ શહેરોની મુલાકાત અન્વયે આજે સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી. જેમાં મ્યુનિસિપલ કમિશનરશ્રી, મહાનગરપાલિકાનાં વિભાગીય વડાશ્રીઓ, જીપીસીબીનાં અધિકારીશ્રીઓ તથા ફીનલેન્ડનાં પ્રતિનિધિશ્રીઓ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ ટેકનોલોજી અંગે વિષદ ચર્ચામાં જોડાયા હતા. ફીનલેન્ડથી આવેલ પ્રતિનિધિ મંડળે ફીનલેન્ડમાં સોલીડ વેસ્ટ અને સુએઝ સ્લબના ઉપયોગ થકી બાયોગેસ / એનર્જી જનરેશન અંગેનાં પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા. જયારે સુરત મહાનગરપાલિકાએ હાલની સોલીડ વેસ્ટ અને સુએઝ મેનેજમેન્ટ સીસ્ટમનું પ્રેઝન્ટેશન કર્યુ હતુ. આ પ્રતિનિધિ મંડળે સુરત મહાનગરપાલિકા સાથે ભવિષ્યમાં આવનાર વેસ્ટ મેનેજમેન્ટનાં પ્રોજેકટમાં હિસ્સેદારી નોંધાવાની તૈયારી બતાવી હતી.

TOP

## સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નરશ્રી (હે.એન્ડ હોસ્પી.) અને લિંબાયત ઝોનનાં એડી.સીટી ઈજનેર સાહેબશ્રીની સુચના મુજબ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૨/૦૧/૨૦૧૪ ના આરોગ્ય વિભાગની કુલ–૫ (પાંચ) ટીમો બનાવી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની દરેક વિભાગીય કચેરીનાં જુદા જુદા વિસ્તારમાં ખાદ્ય પ્રદાર્થો વેચાણ કરતાં લારી–ગલ્લાઓ દ્વારા આરોગ્યલક્ષી મુદ્દાઓ તથા ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટનો ભંગ કરતાં હોવાથી પ્રતિબંધિત પ્લાસ્ટીક થેલી તેમજ કપ રાખી ચા/કોફી વેચાણ કરતાં સ્ટોલવાળા તથા મટન/મચ્છી/મરઘી વેચતાં ઈસમો દ્વારા સ્થળ ઉપરની ન્યુસન્સ પ્રવૃતિ અટકાવવા સુરત મહાનગરપાલિકાના સ્વચ્છતા જાળવવાના પ્રયાસોમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરવા આજરોજ ફરી જનજાગૃતિ અભિયાન મુકવામાં આવ્યું હતું.

સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનની જુદી જુદી વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં આવેલ મુખ્ય માર્ગો જેવાં કે, સાલેશ્વર રોડ, માર્કેટ વિસ્તાર, નીલગીરી સર્કલ થઈ હરીઓમ ચોક સુધીનાં મેઈનરોડ, ડીંડોલી ગરનાળાથી જુના જકાતનાકા થઈ ખરવાસા રોડ, કિન્નરીના ઢાળથી ઉધના સંઘ મેઈનરોડ આપેશ્વર રોડ, આંબાવાડી રોડ, મંગલપાંડે રોડ, ગોડાદરા ડબલ ફાટક રોડ, આંજણા ટેનામેન્ટ, અબ્દુલગલી દરગાહ રોડ વિગેરે ઉપર આવેલ જુદી જુદી ખાદ્ય ચીજવસ્તુઓ વેચતી સંસ્થા / લારી–ગલ્લાવાળા, મચ્છી/મરઘી/મટન તેમજ ચા/કોફી સ્ટોલવાળાની વિગેરે ધંધો કરતાં કુલ આશરે–૬૫૦ સંસ્થાઓ ચેક કરવામાં આવી હતી. જેમાં ધંધાકીય કચરા, કાગળ,પ્લાસ્ટીક, ગંદુંપાણી, પ્રતિબંધિત પ્લાસ્ટીકનાં ઝભલા/થેલીઓ રાખવા બદલ તેમજ આરોગ્યલક્ષી મુદ્દાઓ તથા ફુડ સેફટી સ્ટાન્ડર્ડ એકટનો અમલ ન કરવા માટે તેમજ ચા/કોફી સ્ટોલવાળાઓ પ્લાસ્ટીકના કપ– થેલીનો ઉપયોગ કરતા માલુમ પડતાં દરેકને ચેતવણી/ નોટીસ આપી, તેઓની પાસે સાફ–સફાઈ કરાવ્યા બાદ કચરો એકત્રિત કરી ઢાંકણવાળા ડસ્ટબીનમાં જ રાખવા માટે સુચનાઓ આપી ફુડ સેફટી એકટના નિયમોનું પાલન કરવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ/ઝભલાઓનો ઉપયોગ ન કરવા માટે સમજ આપવામાં આવી હતી.

આ કામગીરી દરમ્યાન આરોગ્ય ખાતાની કુલ–૫ (પાંચ) ટીમોએ અંદાજિત ઉપરોકત વિસ્તારમાં આવેલ આશરે–૬૫૦ સંસ્થાઓ પૈકી કુલ સંસ્થા/લારી–ગલ્લા/મટન/મરઘી/મચ્છી તેમજ ચા/કોફી વેચતા કુલ–૪૩૩ દુકાન ધારકો પાસેથી રૂા.૮૮,૫૦૦/– નો વહીવટી ચાર્જ વસુલાત તથા ૫૭ કિલોગ્રામ અખાદ્ય પ્રદાર્થ નાશ તેમજ પ્રતિબંધિત કુલ ૩૬.૫૦૦ કિલોગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી ,કુલ– ૬૭ સંસ્થાઓને નોટીસો પાઠવવામાં આવેલ છે.

TOP

## પૂર્વ(વરાછા) ઝોનમાં નીચે જણાવેલ સ્થળે ગેરકાયદેસર બાંધકામો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ :–




(૧) ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૫(મોટા વરાછા), ફા.પ્લોટ નં.૮–ડી તથા ૧૨ માં આવેલ ભકિતનંદન સોસાયટી સેકટર–૪માં મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ સબ પ્લોટ નં.૧૦૦ થી ૧૦૪ ના મિલકતદારોએ રહેઠાણના બદલે દુકાનો બનાવવાના ઈરાદે બાંધકામ કરતા આજરોજ ૭ (સાત) શટર તથા ચણતરની દિવાલોનું આશરે ૭૫૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૨)ડ્રા.ટી.પી.સ્કીમનં.૨૪ (મોટાવરાછા–ઉત્રાણ)મુજબ સુચિત રીઝર્વેશન હેઠળના પ્લોટ નં. આર–૧૬ (સેલેબલ ફોર કોર્મશીયલ) નો કબજો સુરત મહાનગરપાલિકાને મળેલ નથી, જેમાં હોટલ શરૂ કરવાના ઈરાદે મિલકતદારે પતરાના શેડનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ જે અન્વયે આજરોજ આશરે ૩૦૦.૦૦ ચો.ફુટનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ છે.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૮ (નાના વરાછા)ના ફા.પ્લોટ નં.૩૫–એ પૈકીમાં આવેલ મારૂતિધામ સોસાયટીના સબ પ્લોટ નં.૧૭૨,૧૭૩ માં હયાત મકાનના ભોંયતળિયાના ભાગે રહેઠાણના ભાગે મંજુર પ્લાન વિરૂધ્ધ ધંધાકીય હેતુસર ૪(ચાર) દુકાનો બનાવી શટર ફીટ કરેલ તે શટરને તોડીને દુર કરી જપ્ત કરેલ છે તેમજ દુકાનના આશરે ૧૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારના ચણતરની પાર્ટીશન દિવાલ તોડીને દુર કરેલ છે.

ઉકત મુજબ જુદી–જુદી ૩(ત્રણ) જગ્યાઓએ ડિમોલીશન અંગેની કામગીરી અત્રેની પૂર્વ (વરાછા) ઝોન કચેરીના ઝોનલચીફશ્રીની સૂચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અત્રેના શહેરી વિકાસ તથા દબાણ વિભાગ દ્વારા કરવામાં આવેલ.

TOP

## નોર્થઝોન (કતારગામ)ની ડીમોલીશનની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૧/૨૦૧૪ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી આર.સી.જરીવાલાના સુચના મુજબ ડે.ઈજનેર તથા જુની.ઈજનેર શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખીને કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી. સ્કીમ નં. ૨૪ (ટુંકી), ફા.પ્લોટ નં. ૧૮થી નોંધાયેલ ગાર્ડનના રીઝર્વેશનના પ્લોટમાં આશરે ૧૬' × ૭૦' ના માપ વિસ્તારમાં થયેલ ગ્રા.ફલોરનું આર.સી.સી.ઈન્ડ.શેડનું બાંધકામ સંપુર્ણપણે દુર કરી સદર રીઝર્વેશન પ્લોટ પરનું દબાણ દુર કરેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૨૪ (ટુંકી) ફા.પ્લોટ નં.૪૮થી નોંધાયેલ સેલેબલ ફોર ઈન્ડસ્ટ્રીયલના રીઝર્વેશનના પ્લોટમાં આશરે ૧૬' × ૭૦' માપ વિસ્તારમાં થયેલ આર.સી.સી. ઈન્ડ.શેડમાં બીજા માળે ૧૦ આર.સી.સી. કોલમો તથા પહેલા માળે ચણતર સહિતનું બાંધકામ દુર કરેલ છે અને મિલ્કતદાર પાસેથી રૂા.૧૫૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લીધેલ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા
# સ્વામી વિવેકાનંદ તેરમો રાષ્ટ્રીય પુસ્તક મેળા–વિદ્યા ૨૦૧૪
# અગીયારમો રાષ્ટ્રીય હોર્ટીકલ્ચર–હર્બલ ફેર અને ફલાવર શો સુમન–૨૦૧૪
# ૪ થો શિલ્પ મેળો–૨૦૧૪

સુરત મહાનગરપાલિકા દ્વારા રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન પ્રથમ વખતે મે–૨૦૦૦ માં કરવામાં આવેલ હતું અને સદર મેળાનું સફળ આયોજન થયા બાદ અને શહેરીજનોની લાગણીઓ તેમજ ઉત્સાહને ધ્યાને લઈ, નગરજનોને, વિદ્યાર્થીઓને, શૈક્ષણીક સંસ્થાઓને વધુમાં વધુ માહિતી શૈક્ષણિક ક્ષેત્રેમાં મળી રહે તે હેતુથી સદર પુસ્તક મેળાનું દર વર્ષે આયોજન કરવાનું મહાનગરપાલિકાએ નકકી કરેલ અને ચાલુ વર્ષે ૧૩ માં સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન તા.૨૩ થી ૨૭ જાન્યુઆરી–૨૦૧૪ દરમ્યાન કરવામાં આવેલ છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ સાઈઝના નાના–મોટા સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બુકસ, સ્ટેશનરી, શૈક્ષણિક અને આધ્યાત્મિક સંસ્થાઓના વિભાગનો સમાવેશ કરવામાં આવેલ છે. પુસ્તક મેળામાં જુદા જુદા શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, નાસિક, વડોદરા, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ, વલસાડ, સુરત વિગેરેએ ભાગ લીધેલ છે. પુસ્તક મેળાના સમય તા.૨૩ થી ૨૭ જાન્યુઆરી–૨૦૧૪ દરમ્યાન દૈનિક વિવિધ પ્રકારની સ્પર્ધાઓ જેવી કે ગુપ ડીકશન, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, સુલેખન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, યોગા શો, વેશભુષા સ્પર્ધા, દેશભકિત આધારિત ડાન્સ કોમ્પેટીસન, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, જનરલ નોલેજ કવીઝ વિગેરે જેવી સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે. જેમાં અંદાજીત ૧૦૦૦ થી વધુ સ્પર્ધકો ભાગ લેશે.

ત્રીજા રાષ્ટ્રીય પુસ્તક મેળા–૨૦૦૩ની સાથે સુરત મહાનગરપાલિકાએ બાગાયત મેળા અને ફલાવર શોનું આયોજન પ્રથમ વખત કરેલ હતું. સદર બાગાયત મેળો ખુબ જ સફળ ગયો હતો અને ત્યાર બાદ મહાનગરપાલિકાએ દર વર્ષે બાગાયત મેળાનું આયોજન પણ કરેલ હતું. અગીયારમો રાષ્ટ્રીય બાગાયત મેળામાં આયુર્વેદીક ક્ષેત્રમાં નગરજનોને ઔષધ વિષેની  માહિતી મળી રહે તે હેતુથી હર્બલ  વિભાગ અને હર્બલ / બાગાયત સાધન સામગ્રી વિભાગમાં કુલ ૪૪ સ્ટોલનું આયોજન કરવામાં આવેલ છે. આ વર્ષે રાષ્ટ્રીય બાગાયત મેળામાં ૧૮ જેટલા બાગાયત અને નર્સરીના સ્ટોલો ફુલ છોડ, ખાતર, દવા, બિયારણ અને બાગાયત ઉદ્યોગને લગતા ઉપયોગી સાધનો વિગેરે રાખવામાં આવેલ છે. બાગાયત મેળામાં પુના, કલકતા, વડોદરા, બારડોલી, સુરત જેવા શહેરોમાંથી નર્સરી મેનોએ ભાગ લીધેલ છે. દર  વર્ષની જેમ નગરજનોના, વિદ્યાર્થીઓના તેમજ શૈક્ષણીક સંસ્થાઓના વધતા ઉત્સાહને ધ્યાનમાં લઈ, આ વર્ષે પણ ફલાવર શોનું આયોજન કરવામાં આવેલ છે. સદર ફલાવર શોમાં વિવિધ પ્રકારની ફુલછોડ સ્પર્ધાઓ તા.૨૩ થી ૨૭ જાન્યુઆરી–૨૦૧૪ દરમ્યાન રાખવામાં આવેલ છે. જેમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે, કટ ફલાવરની ગોઠવણી, તાજા ફુલોની ગોઠવણી, ઈન્ડોર/આઉટડોર ફુલછોડના કુંડા, બોન્સાઈ, કેકટસ, સુકા ફુલોની ગોઠવણી, ફલાવરીંગ / સીઝનલ પોટ પ્લાન્ટ, રોપાઓથી તૈયાર કરેલ હેંન્ગીગ બાસ્કેટ પ્લાન્ટસ, ઔષધિય/સુગંધીય વનસ્પતિના કુંડા, આર્ટીફીસીયલ ફલાવર એરેજમેન્ટ, ફુલોના ગજરા, ફુલોની વેણી, ફુલોના હાર, ફુલોના તોરણ, સલાડ ડેકોરેશન વિગેરે સ્પર્ધાઓ રાખવામાં આવેલ છે. જેમાં અંદાજીત કુલ ૭૦૦ થી વધુ સ્પર્ધકો ભાગ લેનાર છે.

આ વર્ષે ચોથા શિલ્પગ્રામ મેળામાં ૧૦ સ્ટોલો રાખવામાં આવેલ છે. આ શિલ્પગ્રામ મેળામાં શિલ્પને લગતી વસ્તુઓનું વેચાણ તેમજ પ્રદર્શન માટે ગુજરાત, રાજસ્થાન, વેસ્ટ બંગાલ, મણીપુર રાજયોમાંથી વિવિધ વ્યકિત / સંસ્થાઓએ ભાગ લીધેલ છે.

શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રોમાં સમાજ સેવા કરતી ૧૩ સંસ્થાઓને તેઓની વિનંતી ધ્યાનમાં રાખી કુલ ૧૩ સ્ટોલોની વિના મુલ્યે ફાળવણી કરવામાં આવેલ છે.

**મેળામાં રાખવામાં આવેલ સ્ટોલની વિગત**

| ક્રમ | મેળાની વિગત | સ્ટોલની સંખ્યા |
|---|---|---|
| ૧ | વિદ્યા | ૧૪૨ |
| ૨ | હર્બલ અને શિલ્પગ્રામ | ૪૪ |
| ૩ | ફુલછોડ નર્સરી | ૧૮ |
| ૪ | શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રોમાં સમાજ સેવા કરતી સંસ્થા | ૧૩ |
| ૫ | સુરત મહાનરપાલિકાના વિવિધ ખાતાઓનું પ્રદર્શન | ૦૭ |
| કુલ | | ૨૨૪ |

TOP

## ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રી સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળની કામગીરી  બાબત :–

(૧) ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૧,નોંધ નં. ૩૭૩,૩૭૪/અ સાળાવાળાની પોળ, નાણાવટ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી ઈરફાન અહમદ મહમંદ મનસુર ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાનાં પાંચમાં માળનું આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બાંધકામ તા. ૨૨/૦૧/૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

(૨) ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ વોર્ડ નં.૧૧,   નોંધ નં. ૧૨૦૨ નાણાવટ મેઈન રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી અતીફ ઈકબાલ રેશમવાળા ધ્વારા અત્રેથી મેળવવામાં આવેલ રજાચીઠ્ઠી વિરુધ્ધ વધારાના ચોથા અને પાંચમાં માળનું આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ બાંધકામ તા. ૨૨/૦૧/૨૦૧૪ ના રોજ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે તથા વધારાના ચોથા અને પાંચમાં માળનું બાકી રહેતું બાંધકામ દુર કરવાની શરૂ કરવામાં આવનાર છે.

TOP

## નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મ જયંતિ નિમિતે પુષ્પાંજલીના કાર્યક્રમ બાબત :–




સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૭મી જન્મ જયંતિ નિમિતે તા.૨૩/૧/૨૦૧૪ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે પુષ્પાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ડે.મેયરશ્રી દયાશંકર સિંગ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી એમ.કે.દાસ, શાસક પક્ષ નેતાશ્રી રમેશ કે.લાઠીયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના બાળકો હાજર રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પો અર્પણ કર્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સ્વામી વિવેકાનંદ૧૩મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૪",૧૧મોરાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફલાવર શો " સુમન–૨૦૧૪" તથા ૪ થો શિલ્પગ્રામ મેળો " શિલ્પગ્રામ–૨૦૧૪" બાબત :–




સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સ્વામી વિવેકાનંદ ૧૩મો રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા ૨૦૧૪", ૧૧મો રાષ્ટ્રીય બગાયત–હર્બલ મેળો અને ફલાવર શો " સુમન–૨૦૧૪" તથા ૪ થો શિલ્પગ્રામ મેળો " શિલ્પગ્રામ–૨૦૧૪ " નું ઉદ્દઘાટન આજરોજ સવારે ૧૧:૦૦ કલાકે ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ સાહિત્યકાર, નવલકથાકાર, નાટ્યકાર અને વાર્તાકાર માનનીય વર્ષાબેન અડાલજાના વરદ્દહસ્તે ઉદ્દઘાટનવિધિ સંપન્ન કરવામાં આવી.

આ પ્રસંગે ડે.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતુ કે શહેરની જનતાને જ્ઞાન અને જાણકારી મળી રહે જે શુભઆશયથી સુરત મહાનગરપાલિકા છેલ્લા ૧૩ વર્ષથી પુસ્તક મેળાનું આયોજન કરે છે. આ વર્ષે આ પુસ્તકમેળામાં વિદ્યાના ૧૪૨ સ્ટોલ, હર્બલ અને શિલ્પગ્રામ ૪૪ બાગાયત અને ફુલછોડ નર્સરીના ૧૮ તથા શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોમાં સમાજસેવા કરતી સંસ્થાના ૧૩ સ્ટોલ તથા સુરત મહાનગરપાલિકાના વિવિધ ખાતાઓના પ્રદર્શનના ૭ સ્ટોલ મળી વિવિધ પ્રકારના કુલ ૨૨૪ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે આ મેળામાં વિવિધ શહેરો જેવા કે મુંબઈ, દિલ્હી, નાસિક, અમદાવાદ, વડોદરા રાજકોટ, જુનાગઢ, વલસાડ, સુરત તેમજ અન્ય શહેરોનાં પુસ્તક વિક્રેતાઓએ ભાગ લીધો છે. તેમજ પુસ્તક મેળા દરમ્યાન સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મહેમાન પદે બિરાજમાન શ્રીમતી દર્શનાબેન જરદોશે તેમના પ્રસાંગિક પ્રવચનમાં જણાવ્યું કે મારા સાંસ્કૃતિક સમિતિના ચેરમેનના સમયગાળા દરમ્યાન આ મેળાનો શુભારંભ થયો હતો જેનો સીલસીલો ચાલુ રાખી શહેરના સાંસ્કૃતિક વારસાને સુરત મહાનગરપાલિકાએ જાળવી રાખ્યો છે. આજ રોજ વિદ્યા, બાગાયત અને શિલ્પગ્રામ જેવા ત્રિવિધ મેળાના ઉદ્દઘાટક તરીકે એક મહિલાને સ્થાન આપ્યું જે પ્રશંસનીય છે. સુરત મહાનગરપાલિકા પુસ્તકો, સાહિત્યના મેળાઓ યોજે છે જે ખૂબજ આનંદની વાત છે તેમ જણાવી મા.મેયરશ્રીને આવા પુસ્તકમેળાના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત રાજયના વતની અને જાણીતા સાહિત્યકાર, વાર્તાલેખન, નવલકથા લેખનમાં જેમણે ઉચ્ચકક્ષાનું યોગદાન આપ્યું છે અને સોવિયટ લેન્ડ નહેરૂ એવોર્ડ, ગુજરાતી સાહિત્ય પરીષદ એવોર્ડ, સાહિત્ય અકાદમી એવોર્ડના વિજેતા એવા પુસ્તક મેળાના ઉદ્દઘાટક શ્રીમતી વર્ષા અડાલજાએ જણાવ્યું હતું કે મુંબઈમાં રહીને પણ મારું હૈયુ ગુજરાતી રહયું છે વિશેષ કરીને સ્ત્રીઓને પિયર માટે સ્વાભાવિક લાગણી હોય તેમ મને પણ ગુજરાત માટે લાગણી છે. સુરત મહાનગરપાલિકાનું મૂળભૂત કાર્ય રસ્તા, પાણી, ડ્રેનેજ, શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડવાની હોય છે પરંતુ સુરત મહાનગરપાલિકા છેલ્લા ૧૩ વર્ષોથી પુસ્તકમેળાનું આયોજન કરે છે એ પ્રશંસનીય છે. વિદ્યાર્થીઓને અપાતુ ઉચ્ચ શિક્ષણ એમને સાચી જીવન પધ્ધતિ શીખવી શકતી નથી. પુસ્તકો જીવનનું ઘડતર કરે છે આજે અનેક ડિગ્રીધારી યુવકો મોટી નોકરી મેળવી લે છે પરંતુ સાચી જીવન પધ્ધતિ શીખી શકતા નથી જયાં સુધી પરપીડાનો સ્વઅનુભવ ન થાય ત્યાં સુધી સમાજમાં સમતુલન આવવાનું નથી. આજે વિશ્વબંધુત્વની ભાવના ઉદ્દભવે છે તો વિશ્વ ભગિનીત્વ કેમ નહી? એવા વેધક પ્રશ્નો પણ રજૂ કર્યા હતા. ગુજરાતીઓ એ ગુજરાતી ભાષાને ઉત્તેજન આપવું જોઈએ આપણે આપણી માતૃભાષાનું ગૌરવ જાળવવું જોઈએ એમ જણાવ્યું હતું.

સમારંભના પ્રમુખ શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ જણાવ્યું હતું કે મેળાના ઉદ્દઘાટક અનેક એવોર્ડોથી વિભૂષિત છે એમ સુરત મહાનગરપાલિકા સુરત શહેર પણ પ્રજાલક્ષી સુવિધાઓ આપવા માટે અનેક એર્વોડ મેળવ્યા છે. જીવનમાં પુસ્તકોનું મૂલ્ય અમૂલ્ય છે. સતત પ્રગતિ કરવા માટે પણ વાંચન જરૂરી છે. પુસ્તકોનું ઋણ જીવનમાં મહત્વપૂર્ણ છે. સુરત શહેર એક ટીમવર્ક દ્વારા નગરજનોના સહયોગથી આગળ વધી રહી છે. શ્રીમતી વર્ષા અડાલજાના પ્રવચન દ્વારા લાગણીઓની હદયસ્પર્શી માહિતી મળી. પુસ્તકમેળાના આયોજનોથી સુરત મહાનગરપાલિકા ગૌરવાન્તિ થઈ છે.

આ પ્રસંગે મા.સાંસદ દર્શનાબેન જરદોશ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા.ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસી, મા.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ (બગદાણાવાલા) વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મા.સ્થાયી સમિતિના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, મા.કમિશનરશ્રી, મા. શાશકપક્ષના નેતાશ્રી રમેશ.કે.લાઠીયા, વોર્ડ સદસ્યશ્રી તથા માજી મેયરશ્રી રાજુ દેસાઈ, વોર્ડસદસ્યશ્રી વિજયભાઈ માસ્તર, મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા મીડીયાના પ્રતિનિધિશ્રીઓ, આમંત્રિતો તેમજ નગરજનોએ બહોળી સંખ્યામાં હાજર રહી પોતાનો અમૂલ્ય સમય ફાળવી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડે.મેયરશ્રી દયાશંકર સિંહ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

TOP

## ''ખેલ મહાકુંભ – ૨૦૧૩ના શહેર કક્ષાના વિજેતાઓને ચેક વિતરણ'' :–

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકા અને જિલ્લા વહીવટી તંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે ''ખેલ મહાકુંભ–૨૦૧૩'' અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૨૩/૧૨/૨૦૧૩ દરમ્યાન શાળા કક્ષા, ઝોન કક્ષા અને શહેર કક્ષાની સ્પર્ધાઓનું સુરત ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જે સ્પર્ધાના તમામ રમતના પ્રથમ ત્રણ વિજેતા પૈકી રાજય કક્ષાએ ગોલ્ડ મેડલ કેળવેલ વિજેતાઓનો સન્માન સમારોહ સુરત જીલ્લા રમતગમત વિભાગ દ્વારા આજરોજ તા.૨૩/૦૧/૨૦૧૪ના રોજ રંગભવન, જીવનભારતી સ્કુલ કમ્પાઉન્ડ, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. ઝોન કક્ષા અને શહેર કક્ષાની તમામ રમતોના પ્રથમ ત્રણ વિજેતાઓના રોકડ પુરસ્કારના ચેક તૈયાર થયેલ હોય, સુરત જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, પહેલો માળ, જુનુ સીવીલ કોર્ટ બિલ્ડીંગ, બહુમાળી, નાનપુરા, સુરત(ફોન નં.૨૪૬૫૮૦૮) ખાતેથી સવારે ૧૧.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન દરમ્યાન મેળવી લેવા સુરત મહાનગરપાલિકા અને સુરત જીલ્લા રમતગમત વિભાગ જણાવે છે.

TOP